Sammary No. ૭૭/૨૦૨૬

## એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ શ્રી સંજીવકુમાર સાહેબશ્રીની કોર્ટમાં,ઉમરગામ

સદર કામે જી.યુ.વી.એન.એલ પોલીસ સ્ટેશન, વલસાડ પ્રાથમીક માહિતી અહેવાલ નંબર / ૦૧૮૪/૨૦૨૫ થી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ ૧૩૫(૧), એ મુજબના ગુનાની તપાસ દરમીયાન, આરોપીનાએ પ્રથમ વખતના વીજ ચોરીની રકમ તથા કાયદાના કંપાઉન્ડીંગ રકમ ભરપાઈ કરી દીધેલ હોય, ફરીયાદી નાઓએ આરોપી વિરુધ્ધ ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ ૧૫૨ હેઠળ ગુનો માંડવાળ કરવાનો રીપોર્ટ તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરતા, તપાસ કરનાર અમલદારે આ બાબતે વિશેષ કોઈ આગળની કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સદર રીપોર્ટ સાથે કેસ કાગળો સામેલ રાખી, તે ધ્યાને લઈ ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ ૧૫૨ હેઠળ માંડવાળ રીપોર્ટ મંજુર કરવા અત્રેની કોર્ટને વિનંતી કરેલ છે.

સદર કામે ઉપરોકત રીપોર્ટ તેમજ તેની સાથે રજુ થયેલ કેસ કાગળો ધ્યાને લેતા, ઉપરોકત રીપોર્ટ મંજુર કરવા પાત્ર જણાતુ હોય, સદર રીપોર્ટ મંજુર કરવામાં આવે છે, તેમજ આરોપી તાહિર એસ ફર્નીચરવાલા સામે સદર ગુના બાબતે આગળની કાર્યવાહી પડતી મુકવામાં આવે છે.

વધુમાં, આ ગુનાના કામે કબજે કરેલ મુદામાલ અપીલ સમય વિત્યા બાદ નીયમોનુસાર નિકાલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧મી માહે જુલાઈ ૨૦૨૬ નારોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
ઉમરગામ .

એડી. સીની. સિવીલ જજ
ઉમરગામ